પ્રથમ લેખિત કસોટી : ઓક્ટોબર - 2013

તારીખ :- 24-10-13 | વિષય:- ગુજરાતી | સમય :- 11-00 થી 14-00

વાર :- ગુરુવાર | ધોરણ - 7 | કુલ ગુણ :- 80

વિધાર્થીનું નામ :- .....બેઠક નંબર .....

સુચના :- પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખો.

પ્રશ્ન-1 (અ) નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો. **[10]**

(1) વરસાદ સાથે અત્યંત નજીકનો સંબંધ કોને છે?

(અ) ગાયને (બ) મોરને (ક) ચકલીને (ડ) ગામને

(2) 'ભીખુ' પાઠમાં 'માણસોનો ઠઠારો' એટલે શું?

(અ) ધક્કા-મુક્કી (બ) ભીડ (ક) મેળો (ડ) ઝગમગાટ

(3) 'જીવન પાથેય' પાઠમાં 'વિચાર શૃંખલા' એટલે શું?

(અ) વિચારોની ક્રમિકતા (બ) પ્રવાસ (ક) ધ્યેય (ડ) માન્યતા

(4) કાકા સાહેબને બાળપણમાં કુટુંબીજનો કયા નામે બોલાવતા ?

(અ) સત્તુ (બ) દત્તુ (ક) કક્કુ (ડ) કાકુ

(5) દિયરને દરિયાપાર શા માટે જવાની ઈચ્છા છે?

(અ) રહેવા (બ) કમાવા (ક) ફરવા (ડ) પરણવા

(6) લેખકની દૃષ્ટિએ 'બા' એટલે.....

(અ) બેઠી દડીની, નીચી (બ) મજબૂત બાંધાની

(ક) પંચોત્તેર વર્ષની (ડ) નિરંતર ઉદ્યોગ

(7) રાતા રંગથી ઝળાંહળાં રચનાનો આકાર કેવો હતો?

(અ) સમચોરસ (બ) લંબચોરસ (ક) ગોળ (ડ) લંબગોળ

(8) ગંગા-જમનાનું નીર મંગાવવાનું કારણ.....

(અ) ચોકમાં છાંટવા (બ) પવિત્ર પાણી પીવા માટે

(ક) ભગવાનના સ્નાન માટે (ડ) પગ પખાળવા

(9) નરસૈયાનો સ્વામી એટલે.....

(અ) કૃષ્ણ (બ) સખી (ક) ભગવાન (ડ) હાથિયો

Scanned by CamScanner

(10) 'પરીક્ષા' પાઠમાં વિદ્યાધિકારી એટલે.....

(અ) શિક્ષણના અધિકારી (બ) વિદ્યાના અધિકારી (ક) પંડિત (ડ) સરકારી અધિકારી

(બ) નીચેનાં વાક્યો વાંચીને એનો કાળ લખો. [4]

(1) હું આર્ટ્સ કૉલેજમાં જઈશ.

(2) મારું અંગ્રેજી અને ગણિત બંને સારાં છે.

(3) મેં મનમાં વિચાર કરેલો.

(4) એ વખતે પિતાશ્રી ખૂબ હતાશ થયા હતા.

(ક) નીચે આપેલા રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્ય પ્રયોગ કરો. (ગમે તે બે) [4]

(1) ગળગળા થવું

(2) ઉગારી લેવું

(3) રાડ ફાટી જવી.

પ્રશ્ન-2 (અ) બે થી ત્રણ વાક્યોમાં જવાબ આપો. (ગમે તે ત્રણ) [9]

(1) મેળામાં કેટલી દુકાનો દેખાય છે? તેનાં નામ કહો.

(2) ગાય કોના-કોના ખેતરમાંથી પસાર થઈ?

(3) બાપુએ વિમાનમાં જવાની ના કેમ પાડી?

(4) બા બહારગામ જાય ત્યારે તેમને વાડા અંગે શી ચિંતા રહેતી?

(બ) એક વાક્યમાં જવાબ આપો. (ગમે તે ચાર) [8]

(1) બાનું જીવનસૂત્ર શું હતું?

(2) શાળાએ જતા છોકરાઓ શાના વિશે વાત કરતા જતા હતા?

(3) લેખિકાએ 'હિન્દુસ્તાનના પિતા' કોને કહ્યા છે?

(4) દિયરને જાવા બંદરે શા માટે જવું છે?

(4) 'વાંક બીજાનો ને સજા મને થાય છે?' એમ કોણ વિચારતું?

(ક) સમાનાર્થી શબ્દો લખો. (ગમે તે ત્રણ) [3]

(1) રાન (2) વાદળ

(3) પાન (4) સંદેશો

પ્રશ્ન-3 (અ) નીચે આપેલા વિષયો પૈકી કોઈપણ એક નિબંધ લખો. [8]

(1) વર્ષાઋતુ

(2) મહાત્મા ગાંધી

Scanned by CamScanner

(3) મારો પ્રિય તહેવાર

(બ) ગમે તે બે જોડણી સુધારો [2]

(1) શખી

(2) તરીયા તોરણ

(3) ગાંધિજિ

(ક) જોડકાં જોડો. [4]

	"અ"		"બ"
(1)	રાનમાં	(1)	પન્નાલાલ પટેલ
(2)	પરીક્ષા	(2)	ધ્રુવ ભટ્ટ
(3)	જીવન પાથેય	(3)	નરસિંહ મહેતા
(4)	આજની ઘડી રળિયામણી	(4)	કાકા કાલેલકર

પ્રશ્ન-4 (અ) આપેલા મુદ્દા પરથી વાર્તા લખી યોગ્ય શીર્ષક આપો. [6]

એક ખેડૂત - દરરોજ સોનાનું ઈંડું આપતી મરઘી - ખેડૂતનો લોભ - મરઘીને મારી નાખવી - કંઈ ન મળવું - ખેડૂતનું પસ્તાવું - બોધ

અથવા

પત્ર લેખન :- તમારી શાળામાં ઉજવાયેલ હોય તેવા પ્રસંગનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.

(બ) કાવ્ય પંક્તિ પૂર્ણ કરો. (ગમે તે એક) [4]

(1) સખી, આજની ઘડી રળિયામણી .....

..... મંડપ રચાવીએ જી રે .....

(2) માલમ મોટાં હલેસાં .....

..... આળહું નો સરદાર.....

(ક) નીચેનાં વાક્યો કોણ બોલે છે? તે લખો. (ગમે તે ચાર) [4]

(1) 'ખાવાનું તો ભાઈ લાવે ત્યારે' .....

(2) નોટોના ભાવ રોજ બદલાય છે.

(3) એક શેઠિયે મને જલેબી ખવડાવી.

(4) 'આ.... આવું મોટું પ્રકાશિત ગોળા જેવું શું હશે?

(5) હું નીચે જઈ મારા મમ્મી, પપ્પા અને કાકાને જગાડું?

Scanned by CamScanner

પ્રશ્ન-5 **(અ)** **કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો.** **[4]**

(કે, અને, એટલે, તો)

(1) એકમાં સામાન રખાવ્યો ..... બીજામાં પૂજ્ય બાપુજીને સુવાનું રાખ્યું.

(2) ઈન્સ્પેક્ટરે જોયું ..... મહાદેવની આંખમાં આંસુ હતા.

(3) ડૉક્ટરે કહ્યું : ..... એણે કસરત કરવી જોઈએ.

(4) મહાદેવ ગાયને હાંકવા રોકાયો ..... એને પરીક્ષામાં મોડું થયું.

(બ) **શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો. (ગમે તે ચાર)** **[4]**

(1) તેજસ્વી વિદ્યાર્થીને અભ્યાસ માટે મળતી આર્થિક સહાય.

(2) પવનથી ઊડેલા વરસાદના છાંટા

(3) ચાંદીનો રણકારવાળો સિક્કો

(4) તાલુકાનું વસૂલાત સંબંધી કામ કરનાર અમલદાર

(5) પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવનાર

(ક) **સંયોજકો શોધીને લખો.** **[4]**

(1) બાપુજી તો એક એક મિનિટનો સદુપયોગ કરનારા એટલે પાંચ મિનિટમાં ફંડ ઉઘરાવી નાખ્યું.

(2) આ છોકરી મારી પૌત્રી છે પણ બિચારી ભલી ભોળી છે.

(3) પાછા ફરીને જોયું તો હું ત્રણ દરવાજા પાસે ઊભો હતો.

(4) એમાંથી ગમે તેટલું ઓછું હું ગ્રહણ કરી શકી છતાં મારા જેવીને ઘડતરનો લહાવો મળ્યો.

(ડ) **વિશેષણ શોધીને લખો.** **[2]**

(1) મધમાખીને છ પગ હોય છે.

(2) અમદાવાદ મોટું શહેર છે.

(3) ચાર વિદ્યાર્થીઓને ઈનામ મળ્યાં.

Scanned by CamScanner